ફેક્સ : (૦૭૯) ૨૬૩૦૨૬૫૪
ટેલિફોન : ૨૬૩૦૧૩૪૧-૨૬૩૦૦૩૪૨-૪૩
૨૬૩૦૦૧૨૬

Fax : (079) 26302654
Telephone : 26301341-26300342-43
26300126

# ગુજરાત યુનિવર્સિટી
**GUJARAT UNIVERSITY**
www.gujaratuniversity.org.in

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
પોસ્ટ બોક્સ નં ૪૦૧૦,
નવરંગપુરા, અમદાવાદ - ૩૮૦ ૦૦૯

Office of the Gujarat University,
Post Box No 4010,
Navarangpura, Ahmedabad - 380 009

નં.સ્કોલરશીપ સેલ/69201 /2025

તા.12/12/2025
17

પ્રતિ,

1. યુનિવર્સિટીના ભવનોના ડાયરેક્ટરશ્રીઓ...
2. યુનિવર્સિટીના વિભાગોના વડાશ્રીઓ...
3. યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ...
4. યુનિવર્સિટી સંલગ્ન માન્ય સંસ્થાઓનાં વડાશ્રીઓ...

વિષય: ડિજિટલ ગુજરાત પોર્ટલ પરની પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાઓ અંતર્ગત શૈક્ષણિક વર્ષ:2025-26 માટે અરજી કરવાની મુદત વધારવા બાબત...
(તા.15-12-2025 થી તા.15-01-2026)

સંદર્ભ: નિયામક અનુસૂચિત જાતિ કલ્યાણ, 4/2, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગુજરાત રાજ્ય, ગાંધીનગરનો પરિપત્ર ક્રમાંક નં.અજાક/ગ-1/6/2025-26/5009-40, તા.12-12-2025 મળ્યા તા.12-12-2025.

માનનીય સાહેબશ્રી,

ઉપરોકત વિષય અને સંદર્ભ પરત્વે આ સાથે સામેલ પરિપત્ર વંચાણે લઈ સમયમર્યાદામાં ઘટતી કાર્યવાહી કરી બાકી રહેલા વિદ્યાર્થીઓને જાણ કરવા વિનંતી.

આભાર,

નોડલ ઓફીસર
(સ્કોલરશીપ સેલ)

બિડાણ : ઉપર મુજબ

નં.અજાક/ગ-૧/૬/૨૦૨૫-૨૬/૫૦૦૯-૪૦
નિયામક,અનુસૂચિત જાતિ કલ્યાણ
૪/૨, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર
E-mail: dd1-dscw@gujarat.gov.in
તા.૯ ૨/૧૨/૨૦૨૫

પ્રતિ,
નાયબ નિયામકશ્રી,
અનુસૂચિત જાતિ કલ્યાણ,
જિ................................(તમામ)

વિષય - ડિજિટલ ગુજરાત પોર્ટલ પરની પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાઓ અંતર્ગત વર્ષ ૨૦૨૫-૨૬ માટે અરજી કરવાની મુદત વધારવા બાબત...
(તા.૧૫-૧૨-૨૦૨૫ થી તા. ૧૫-૦૧-૨૦૨૬)

ઉપર્યુક્ત વિષય અન્વયે જણાવવાનું કે, રાજ્ય સરકારશ્રી/ભારત સરકારશ્રીની જુદી જુદી પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાઓના અમલિકરણની કામગીરી ડિજિટલ ગુજરાત પોર્ટલ મારફત કરવામાં આવે છે. શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ અંતર્ગત લક્ષ્યાંક સામે તેમજ અગાઉના વર્ષની સરખામણીમાં પૂરતા પ્રમાણમાં વિદ્યાર્થીઓ દ્વારા અરજી થયેલ નથી જેથી ઉક્ત યોજનાઓ અંતર્ગત પાત્રતા ધરાવતા તમામ અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ શિષ્યવૃત્તિની અરજી કરવાથી વંચિત ન રહી જાય તે માટે શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ માટે જુદી જુદી પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાઓ અંતર્ગત ડિજિટલ ગુજરાત પોર્ટલ પર અરજી કરવાની મુદત તા. ૧૫-૧૨-૨૦૨૫ થી તા. ૧૫-૦૧-૨૦૨૬ સુધી લંબાવવામાં આવે છે.

ઉક્ત વિગતો ધ્યાને લઇ આપની કક્ષાએથી તમામ શાળા/કૉલેજ/સંસ્થા/યુનિવર્સિટીમાં તેમજ આપની કક્ષાએ કરવામાં આવેલ રજૂઆતવાળા વિદ્યાર્થીઓને આ બાબતે જાણ કરવા વિનંતી છે.
(માન.નિયામકશ્રીની નોંધ પર મંજૂરી મળેલ છે.)

સંયુક્ત નિયામક
અનુસૂચિત જાતિ કલ્યાણ
ગુજરાત રાજ્ય, ગાંધીનગર